# અંશકાલીન કર્મચારીઓના ભથ્થા વધારવા ઉગ્ર રજૂઆત

**પગાર અને ભથ્થાં વધારવા બાબતે નિર્ણય નહી લેવાય તો આગામી ૧૩મી એપ્રિલના રોજ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા**

ગાંધીનગર, તા. ૭

ગુજરાત સરકારની વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા અંશકાલીન કર્મચારીઓના પગાર અને ભથ્થા છેલ્લા ઘણા સમયથી વધારવામાં આવ્યા નથી. આ ઉપરાંત તેઓને કાયમી કરવામાં પણ ઠાગાઠૈયા કરવામાં આવે છે. અંશકાલીન કર્મચારીઓના વિવિધ પડતર પ્રશ્નો અંગે ગુજરાત રાજ્ય અંશકાલીન કર્મચારી મંડળે સરકાર સામે મોરચો માંડવાનો નિર્ણય લીધો છે. આગામી તા. ૧૩મી એપ્રિલના રોજ સત્યાગ્રહ છાવણી, ઘ-૩ સર્કલ, ગાંધીનગર ખાતે પાર્ટટાઈમ કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધરણાં અને પ્રતિક ઉપવાસ કરશે.

મંડળના પ્રમુખ ગીરીશ વાઘેલા અને મહામંત્રી વિનોદ રાઠોડે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે હાલમાં વર્ગ-૪ના કર્મચારીઓને બદલે કોન્ટ્રાક્ટ પર માણસોને રાખવામાં આવેલ છે. કોન્ટ્રાક્ટરને આ કર્મચારી દીઠ રૂ. ૧૪૯૯૩ માસિક વેતન ચૂકવવામાં આવે છે. અને વર્ષો જુના સરકારી અંશકાલીન કર્મચારીને માત્ર રૂ. ૨૨૬+૨૬ ભથ્થા સાથે કુલ રૂ. ૨૪૬ એક દિવસનું વેતન ચુકવવામાં આવે છે. હમણાં બે વખત કોન્ટ્રાક્ટનો પગાર વધારો મળેલ છે. પણ અંશકાલીન કર્મચારીઓને આજદિન સુધી પગાર વધારો કરવામાં આવ્યો નથી.

સરકારી અંશકાલીન કર્મચારીઓ માટે અગાઉ કાયમી કરવાની પરિપત્ર ૨૬-૧૨-૧૯૮૦માં હતો. જે કરકસર રૂપે તા. ૨૧-૮-૧૯૯૫માં સ્થગીત કરવામાં આવ્યો હતો. સરકારે તા. ૧-૫-૨૦૦૭ના રોજ પરિપત્ર કર્યો જેમાં માત્રને માત્ર ૫ ટકા અંશકાલીન કર્મચારીઓને કાયમી કરવામાં આવ્યા હતા. બાકીના ૯૫ ટકા અંશકાલીન કર્મચારીઓને ઘેર બેસાડવા પ્રયાસ કર્યો જે ન્યાયની વિરૂદ્ધ છે.

આગામી દિવસોમાં સરકારી અંશકાલીન કર્મચારીઓના હિત માટે અને બીજા પ્રશ્નોની ચર્ચા-વિચારણા અને ઉકેલ માટેના કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવા માટે તાજેતરમાં સરકારી અંશકાલીન કર્મચારી મંડળ દ્વારા ગ્રુપ મીટીંગનું અમદાવાદ ખાતે આયોજન થયુ હતુ.

હાલમાં આશરે ૧૫૦૦ થી વધુ કર્મચારીઓ છે. જેમાં તમામ અંશકાલીન કર્મચારીઓએ આગામી દિવસોમાં સરકાર સામે રણશીંગુ ફૂંકવાની તૈયારીઓ દર્શાવી છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




**લો સાહેબ... બાબાની બધી જ પ્રકારની સ્કૂલ ફીનાં ચેક લાવ્યો છું... એક સો બાવન ચેક છે આખા વર્ષ પેટે...**

# કન્ટેનરનું ચાર ટન વજન ઘટી જતા શંકા ગઈ..!

**હાઈ સિક્યુરીટી ઝોન કન્ટેનર ડેપોમાં કસ્ટમ ક્લીયરન્સ વખતે કન્ટેનરનું સીલ તોડી ચોરી કરી છે, બીજુ સીલ મારી દેવાનું કૌભાંડની આશંકા**

ખોરજ કન્ટેનર ડેપો હાઈ સિક્યુરીટી ઝોન છે. બહારની કોઈ વ્યક્તિ ત્યાં પ્રવેશી શકતી નથી. આ કન્ટેનર ડેપોમાં કસ્ટમ ક્લીયરન્સમાં પડેલા કન્ટેનરમાં સીલમાં ચેડા કરીને અગાઉ પણ ચોરીઓ થયાના દાખલા છે. આજે વધુ એક આવી જ ચોરી ધ્યાને આવી છે. કન્ટેનર માલીકને અગાઉ પણ આ જગ્યાનો કડવો અનુભવ થયેલો છે. તે વખતે તેમના કન્ટેનરનું વજન ઘટી ગયુ હતુ પરંતુ ત્યારે કન્ટેનર પ્રવેશ દરમ્યાન વજન કરાવેલુ ન હોવાથી ક્લેઈમ કરી શક્યા ન હતા.

આ વખતે કન્ટેનર મુકતા પહેલા વજન થયુ હતુ ત્યારે ૨૭,૭૧૭ કિલો વજન નોંધાયુ હતુ. ચોથે દિવસે બહાર નિકળવાનુ હતુ ત્યારે વજન કર્યુ તો ચાર ટન ઓછુ થઈ ગયુ હતુ. વીડીયો શુટીંગ સાથે જોઈન્ટ સર્વે કરાયો ત્યારે બહાર આવ્યુ કે મેલ-ફીમેલ બે સીલ પૈકીનું મેલ સીલ ચેડા કરેલુ હતુ. મેલ સીલ ખોલીને અંદરથી ૨૮ લાખનું નિકલ ચોરી બીજુ ડુપ્લીકેટ સીલ મારી દેવાયેલુ હતુ. પ્રશ્ન એ થાય કે જો ચોર હોય તો તે બીજુ સીલ મારવા કેમ બેશે ? અને તેની પાસે આ પ્રકારનો શીલ પણ કેવી રીતે આવે ? આ કન્ટેનર ડેપોમાં મોટુ કૌભાંડ ચાલતુ હોવાની શંકા પ્રબળ બનતા પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# ઘરફોડીયાઓએ પોલીસના શિડ્યુલનો અભ્યાસ કર્યો છે..!

**સેક્ટર-૭માં થયેલી મોટા ભાગની ઘરફોડ ચોરીઓ પોલીસ વ્યસ્ત હોય તે જ સમયે થઈ**

ગાંધીનગર, તા. ૭

શહેરના સેક્ટર-૭ ખાતે દોઢેક મહિનામાં આઠ જેટલી ઘરફોડ ચોરીઓ થવા પામી છે. આ ઘરફોડ ચોરીઓમાં મોટાભાગની ચોરીનો સમય સાંજે ૭ થી ૯ વચ્ચેનો હોવાનું જાણવા મળ્યુ છે. આ સમય જોતા સ્પષ્ટપણે કહી શકાય કે ઘરફોડ ગેંગે બંધ મકાનોની રેકી કરવા કરતા વધુ અભ્યાસ પોલીસ કયા સમયમાં વધુ વ્યસ્ત છે તે વિષય પર કર્યો હોવો જોઈએ. કેમ કે આ સમયગાળામાં ડ્યુટી (શીફટ) ચેન્જ અને રોલ કોલમાં પોલીસ વ્યસ્ત હોય છે. આ જ સમયમાં ઘરફોડ કરી ચોરો ફરાર થઈ ગયા છે. સે. ૭ પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરીને થોડા કલ્યુ મેળવી ગેંગને પકડવા દોડધામ શરૂ કરી છે.

પોલીસ ચોપડે નોંધાયેલ ઘરફોડ ચોરીઓ જોતા સેક્ટર-૭માં દોઢેક માસમાં આઠેક ઘરફોડ ચોરી થઈ હતી તે તમામ ઘરફોડ ચોરીની મોડ્સ ઓપરેન્ડી અને ઘરફોડનો સમય અંગે બારીકાઈથી જોતા એક વાત સ્પષ્ટ થાય છે કે મોટાભાગની ઘરફોડ ચોરી પાછળ એક જ ગેંગ છે અને તે ગેંગે પોલીસની ગતિવીધી પરવિશેષ અભ્યાસ કરી પોલીસ જે સમયે વધુ વ્યસ્ત હોય તે સમયને ઘરફોડ કરવા માટે અનુકૂળ માનીને ચોરીને અંજામ આપ્યા છે. સાંજે ૭ થી ૯ વાગ્યાની વચ્ચે મોટાભાગની ચોરી થઈ છે તે સમય દરમ્યાન એક તો ભોજનનો સમય છે, બીજી તરફ આઠ વાગ્યે શિફટ બદલાતી હોવાથી પોલીસની ડ્યુટી ચેન્જ થતા એક સ્ટાફ ઘરે જાય અને બીજો સ્ટાફ ઘરેથી પોલીસ સ્ટેશન આવતો હોય છે. અને આઠ વાગ્યા બાદ અમલદાર પોલીસ સ્ટાફનો હોલકોલ લઈ જરૂરી સુચનાઓ આપતા હોવાથી મોટાભાગની પોલીસ વ્યસ્ત હોય છે અને આ સમયને પસંદ કરીને ઘરફોડ ચોરીને આ ગેંગ અંજામ આપે છે. આ ગેંગને સકંજામાં લેવા સે. ૭ પોલીસે કવાયત શરૂ કરી છે.



ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મહિલા સશક્તિકરણ અંગે આજે યોજાયેલ મહિલા સંમેલનના મેયર પ્રવિણભાઈ પટેલ, પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણી, મહિલા આયોગના ચેરમેન લીલાબેન અંકોલિયા, કાઉન્સીલર કાર્તિક પટેલ, મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી, સભ્ય સચિવ મહિલા આયોગના વીણાબેન પટેલે દીપ પ્રગટાવી પ્રારંભ કરાવ્યો હતો. આ મહિલા સંમેલનમાં ભાજપના હોદ્દેદારો, મહિલા કાઉન્સીલરોની પાંખી હાજરીએ વિવાદનો મધપૂડો છંછેડ્યો છે.

# રખિયાલમાં પશુપાલકો પાસેથી દૂધના ૬૦૦ જેટલા નમૂનાઓની ચકાસણી કરાઈ

**૪૦ જટલા પશુઓમાં બ્રુસેલ્લાના એન્ટીજન હોવાનું જણાયું : પશુપાલકોને દૂધ ઉકાળી પીવાની સલાહ**

ગાંધીનગર, તા.૭

અમદાવાદ રીજીયોનની પશુ રોગ સંશોધન કચેરી દ્વારા તેમજ ગાંધીનગર જિલ્લા પંચાયતના સંયુકત ઉપક્રમે દહેગામ તાલુકાના રખિયાલ ગામે ૬૦૦ જેટલા દૂધ ઉત્પાદકો પાસેથી નમુના લઈ મીલ્ક રીંગ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જે પૈકી ૪૦ જેટલા પશુઓમાં બ્રુસેલ્લા ચેપના એન્ટીજન હોવાનું જણાયું છે.

આ પશુઓમાં દેખાયેલા બ્રુસેલ્લાના એન્ટીજનને પગલે પશુપાલન શાખાએ ખાસ કરીને પશુપાલકોને દૂધ ઉકાળીને પીવાની સલાહ આપવામાં આવી છે.

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર દરેક એક-બે વર્ષે આ પ્રકારના સેમ્પલ સર્વે કરવામાં આવતા જ હોય છે. બ્રુસેલ્લા રોગનો ફેલાવો અટકાવવા માટે પશુઓને કૃત્રિમ બીજદાન પધ્ધતિથી ફેરવવા જોઈએ તેમજ રખડતા સાંઢ, પાડા પધ્ધતિથીને ફેરવવા જોઈએ. કૃત્રિમ બીજદાનથી જ પશુઓને ફેરવવામાં આવે તેવી ભલામણ પણ પશુપાલન શાખાના અધિકારીએ કરી છે.



માનવસ્મૃતિ ખાતે સે. ૩-ન્યુના વસાહતીઓએ વિશિષ્ટ બાળકોની મુલાકાત લીધી હતી. જ્યાં તેઓએ ભુલકાઓ સાથે સમય વિતાવ્યો હતો. અને બાળકોને બિસ્કીટ અને દૂધનુ વિતરણ કર્યુ હતુ.

# વિશ્વ હોમીયોપેથી દિવસ નિમિત્તે સર્વરોગ સારવાર-નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૭

૧૦ એપ્રિલના રોજ સમગ્ર વિશ્વમાં હોમીયોપેથી દિવસની ઉજવણી કરવામાં આવે છે. વિશ્વ હોમીયોપેથી દિવસ નિમિત્તે સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન આગામી તા. ૧૦મી એપ્રિલના રોજ અર્બન હેલ્થ સેન્ટર, સેક્ટર-૨ ખાતે સવારે ૯ થી ૧ વાગ્યા દરમ્યાન કરવામાં આવ્યું છે.

હોમીયોપેથીના શોધક ડૉ. હનેમાનનો જન્મ ૧૦મી એપ્રિલના રોજ થયો હોવાથી સમગ્ર વિશ્વમાં આ દિવસે હનેમાન જયંતિ અને વિશ્વ હોમીયોપેથી દિવસની ઉજવણી કરી લોકોમાં આ સારવાર પદ્ધતિ અંગે જાગૃતિ ફેલાવવામાં આવે છે.

આજે વિશ્વના ૮૦થી વધુ દેશોમાં હોમિયોપેથીને પ્રમાણભૂત ચિકિત્સા પદ્ધતિ તરીકે માન્યતા પ્રાપ્ત થઈ છે. તાજેતરમાં જ સ્વિટઝલેન્ડે ૨૯મી માર્ચના રોજ હોમિયોપેથીને માન્યતા આપેલ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુ.એચ.ઓ.)ના અહેવાલ પ્રમાણે હોમિયોપેથીએ એલોપેથી પછી બીજા નંબરની ઉપયોગમાં લેવાતી સારવાર છે.

હોમિયોપેથીક સારવારની સમજ અને તેના ફાયદા હોમિયોપેથીક સારવારમાં દર્દીઓના સર્વે લક્ષણોનો અભ્યાસ કરી તેને જુદી જુદી દવાઓના લક્ષણસમૂહ સાથે સરખાવી જે દવાના લક્ષણસમૂહ સાથે મળતા આવે તે દવાને તેના સુક્ષ્મ સ્વરૂપમાં આપવામાં આવે છે. તેના દ્વારા શરીરની રોગથી દબાયેલી પ્રતિકારશક્તિ પુનઃ જાગૃત થાય છે અને રોગ સંપુર્ણપણે દૂર થાય છે. હોમિયોપેથીક સારવારથી નવા કે જુના હઠીલા દરેક રોગોમાં ઘણા સારા પરિણામ મળે છે.

# ગૌહત્યા અટકાવતા બીલને આવકારતું સમસ્ત મહાજન

ગાંધીનગર, તા. ૭

સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ અને હિંસા વિરોધક સંઘના પ્રમુખ અરૂણભાઈ ઓઝાએ પશુ સંરક્ષણ સુધારા વિધેયકના ગૌવંશ બચાવવા તથા ગૌહત્યા અટકાવવા સંદર્ભમાં કેટલીક જોગવાઈઓનો વધુ અસરકારક બનાવવાના હેતુથી જે વધુ સજાની જોગવાઈ કરતુ બીલ પસાર થયું છે તેને સમસ્ત મહાજન આવકારે છે. ગૌવંશની હત્યા બદલ દસ વર્ષથી આજીવન કેદ સુધીની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. અન્ય રાજ્યોમાં ગૌમાંસની આવનજાવન પર પ્રતિબંધ આવશે. પાંચ લાખ સુધી દંડની જોગવાઈ કરેલ છે. સાંજના સાતથી સવારના પાંચ સુધી ૫ વાગ્યા સુધી ગૌવંશ પશુઓની હેરફેર પર પ્રતિબંધ કરેલ છે તે આવકારદાયક છે. ગૌવંશ અટકાવવા અસરકારક કાયદો બનાવવા માટે ગુજરાત પ્રથમ રાજ્ય બનેલ છે.

પશુ સંરક્ષણ કાયદાના સુધારાના જે પગલાં લીધાં છે તે બદલ મુખ્યમંત્રી, કાયદામંત્રી અને સરકારી અધિકારીઓ અભિનંદનને પાત્ર છે.

# રાયસણ ગામે વેરાઈ માતાજીનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ રાયસણ ગામે સ્થિત વેરાઈ માતાજીનો ત્રિ-દિવસીય પ્રાણ-પ્રતિષ્ઠા યોજાશે. તા.૧૦ થી ૧૨ એપ્રિલ દરમિયાન યજ્ઞ, શોભાયાત્રા,પ્રાણ-પ્રતિષ્ઠા સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. ગામમાં આયોજીત પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત અનોખુ ધાર્મિક વાતાવરણ સર્જાશે.

ગાંધીનગર જિલ્લાના રાયસણ ગામે નવનિર્મિત વેરાઈ માતાજી મંદિર, ગણપતિ દાદા તેમજ કાલભૈરવ દાદાની પ્રાણ પ્રતિષ્ઠા યજ્ઞ મહોત્સવનું ત્રિદિવસીય આયોજન કરાવામાં આવ્યું છે. જેમાં તા.૧૦ને સોમવારના રોજ મંગલકારી પ્રથમ દિવસે સવારે ૯ કલાકે યજ્ઞ પ્રારંભ, સવારે ૯.૩૦ કલાકે કર્મ કુટીર હોમ, મંડપ પ્રવેશ સવારે ૧૧ કલાકે, સ્થાપિત દેવોની પુજા તથા ગ્રહહોમ બપોરે ૨.૩૦ કલાકે કરવામાં આવશે. જયારે સાંજે ૪ કલાકે સાયં પૂજા તેમજ સાંજે ૫ કલાકે આરતી યોજાશે. જયારે મંગલકારી બીજા દિવસે સવારે ૧૦ કલાકે પ્રાંત પૂજા, જલયાત્રા, શોભાયાત્રા નીકળશે. જયારે ગામમાં વિવિધ શેરી તેમજ મહોલ્લામાં પરિભ્રમણ કરશે. શાંતિપૈષ્ટિક, પ્રાસાદ વાસ્તુ સવારે ૧૧ કલાકે, ધૃતાધિવાસ જલાધિવાસ બપોરે ૨.૩૦ કલાકે, મહાઅભિષેક બપોરે ૩ કલાકે, જયારે તત્વન્યાસ, નિંદ્રાઆવાહન, ધાન્યાનિવાસ સાંજે ૪.૩૦ કલાકે જયારે આરતી સાંજે ૫.૧૫ કલાકે યોજાશે. જયારે પાવનકારી ત્રીજા દિવસે દેવ પ્રબોધન સાવેર ૯ કલાકે, સવારે ૧૦ કલાકે પ્રાંત પુજા, મૂર્તિ નિજમંદિરે મહાપ્રસ્થાન સવારે ૧૦.૩૦ કલાકે, બપોરે ૧૨.૩૯ના શુભ મુહૂર્તે પ્રાણ પ્રતિષ્ઠા, દ્વાર ઉદ્‌ઘાટન વિધિ તેમજ દર્શનનો કાર્યક્રમ યોજાશે. જયારે સાંજે ૪.૧૫ કલાકે પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાશે. રાયસણ વેરાઈ માતાજીના ત્રિ-દિવસીય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમમાં સવાર સાંજ ભોજન પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. જયારે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં દર્શનનો લ્હાવો લેવા માટે સૌ ધર્મપ્રેમી જનતાને સમસ્ત રાયસણ ગ્રામજનો દ્વારા આમંત્રણ પાઠવવામાં આવે છે.



ઈન્ડિયન રેડક્રોસ કલોલ દ્વારા એક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં ૭૫ જેટલી બોટલ એકત્ર થઈ હતી.



રંગમંચ સેક્ટર-૨૭માં વોર્ડ ૧ અને ૪ના સેવાસેતુ કાર્યક્રમાં પ્રભારી મંત્રી શ્રીમતી નિર્મલબેન વાઘવાની, કોર્પોરેટર બરખાબેન જહા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, ઉપ પ્રમુખ ઉરેન પટેલ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોટી આદરજ ખાતે યોજાયેલ સેવા સેતુમાં ૪ હજાર જેટલી અરજીઓ મળી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકાના મોટી આદરજ ગામ ખાતે આજરોજ સેવાસેતું કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજરોજ મોટી આદરજ ખાતે યોજાયેલ સેવા સેતું કાર્યક્રમમાં ઉવારસદ, તારાપુર, સરગાસણ, ટીંટોડા, ભોંયણ રાઠોડ, વાવોલ, પુન્દ્રાસણ, વા.હડમતીયા, અને આદરજ મોટી મળી કુલ- ૯ ગામનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ સેવાસેતુંની મુલાકાત રાજયના ૨૦ મુદ્દા અમલીકરણ સમિતીના અધ્યક્ષ શ્રી કૌશિકભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજીભાઈ ઠાકોર, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવેએ મુલાકાત લીઘી હતી. સેવાસેતુમાં વિવિઘ કામગીરી માટે આવેલા લોકોની મુલાકાત લઈ તેમની પાસે કામગીરીના અભિપ્રાય મેળવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારી શ્રી રાકેશકુમાર વ્યાસ અને મામલતદાર શ્રી એ.જે. જોષી અને કર્મચારી ગણ દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું હતું. સેવાસેતુ કાર્યક્રમના લાભાર્થીઓનું મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવા સેતુમાં કુલ- ૪૦૦૦ જેટલી અરજીઓ આવી હતી. તમામ અરજીઓનું હકારાત્મક નિકાલ થયો છે.

# દેશમાં સૌપ્રથમવાર ફોરેન્સિક યુનિવર્સિટી ખાતે ઈ-લર્નીંગ મારફતે ફોરેન્સિક એકાઉન્ટીંગ કોર્સની શરૂઆત

ગાંધીનગર, તા. ૭

દેશમાં સૌપ્રથમવાર ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી ખાતે ઈ-લર્નીંગ મારફતે ફોરેન્સિક એકાન્ટીંગ કોર્સની શરૂઆત તા. ૧૧ એપ્રિલના રોજ કરવામાં આવનાર છે. આ કોર્ષ મુંબઈ ખાતેના સી.ડી.આઈ.એમ.એસ. સંસ્થાના સંયુક્ત ઉપક્રમે શરૂ કરવામાં આવશે. આ કોર્સનું લોન્ચીંગ ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિર્સિટીનાં મહાનિયામક ડૉ. જે.એમ. વ્યાસના વરદહસ્તે ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના ઓડીટોરીયમમાં તા. ૧૧ એપ્રિલના રોજ સવારે ૧૧.૩૦ કલાકે કરવામાં આવનાર છે.

ઓડીટીંગ, બેંકીંગ, ઈન્સ્યોરન્સ તેમજ ફાઈનાન્શીયલ કંપનીઓ/ સંસ્થાઓમાં કામ કરતા પ્રોફેશનલ આ ફોરેન્સિક એકાઉન્ટીંગ કોર્સમાં પ્રવેશ લઈ શકશે. તદ્‌ઉપરાંત, એકાઉન્ટીંગ અને ઓડીટીંગ ક્ષેત્રમાં બે વર્ષનો અનુભવ ધરાવતા સ્નાતક વિદ્યાર્થીઓ પણ આ કોર્સમાં પ્રવેશ મેળવી શકશે. આ કોર્સમાં એકાઉન્ટીંગ અને ઓડીટીંગને લગતા કુલ ૨૫ મોડ્યુલ્સ થીયોરીટકલ અને પ્રેક્ટીકલ સાથે ભણાવવામાં આવશે.

આ કોર્સમાં જોડાવાથી પ્રશિક્ષણાર્થીઓને ફોરેન્સિક એકાઉન્ટીંગના વિવિધ પાસાઓનો વિગતવાર અને ઉંડાણપૂર્વક જ્ઞાન આપવામાં આવશે. હાલમાં વિવિધ ફાઈનાન્શીયલ કંપનીઓ/ સંસ્થાઓમાં વ્યાપક પ્રમાણમાં કૌભાંડો થયેલ છે જેનું ફોરેન્સિક ઓડીટીંગ જરૂરી બનેલ છે. આ માટે આવા તાલીમ પામેલા ફોરેન્સિક ઓડીટીંગ નિષ્ણાંતોની દેશમાં તાતી જરૂરીયાત છે. જેને પહોંચી વળવા આ કોર્સ મહદઅંશે ઉપયોગી નીવડશે. ઈચ્છુક ઉમેદવારો ઉપરોક્ત કોર્સમાં તા. ૧૧-૪-૧૭થી અરજી કરી શકશે. વધુ માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.gfsu.edu.in પર ઉપલબ્ધ છે.

# ગાંધીનગર સાહિત્ય સભાની ૯મીએ બેઠક

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા મા ગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યને હરદમ ધડકતું અને ધબકતું રાખી મધમધતું અને મહેકતું રાખવા અવારનવાર સાહિત્યિક કાર્યક્રમો યોજવામાં આવે છે. દર માસના બીજા રવિવારે સાહિત્યક સભા યોજવામાં આવે છે. આ માસમાં સાહિત્યિક સભા તા. ૯મી એપ્રિલના રોજ સાંજે પાંચ વાગે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧, ગાંધીનગર ખાતે મળશે. સાહિત્યકારો પોતાની સ્વરચિત રચનાઓ કવિતા, ગીત, ગઝલ કે લઘુકથાનું સ્વમુખે પઠન કરી શકશે. તો સાહિત્યિક મહેફિલમાં મહાનુભાવો, સાહિત્યકારો રસિકોને ભાગ લેવા માટે મંત્રીશ્રી મુળજીભાઈ પરમાર 'દધિ' એ જણાવેલ છે.